# બોર્ડ બેઠક નં.૨૪૯

## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૪/૦૧/૨૦૨૧ના રોજ બપોરના ૪:૦૦ કલાકે મળેલ ૨૪૯ મી બેઠકની કાર્યવાહી નોંધ

---

**બોર્ડ બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.**

| | | |
|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા<br>વ<br>મ્યુનિસિપલ કમિશ્નરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | અધ્યક્ષ શ્રી<br>વ<br>સભ્યશ્રી |
| (૨) | અધ્યક્ષશ્રી<br>સ્થાયી સમિતિ,<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | સભ્યશ્રી |
| (૩) | પ્રાદેશિક કમીશ્નરશ્રી<br>નગર પાલિકાઓની કચેરી,૪ થો માળ, વુડા, વડોદરા. | સભ્યશ્રી |
| (૪) | મુખ્ય નગર નિયોજકશ્રીના<br>પ્રતિનિધિ<br>પ્રવર નગર નિયોજકશ્રી,<br>નગર રચના અધિકારીશ્રી, વડોદરા શાખા | સભ્યશ્રી |
| (૫) | સીટી એન્જીનીયરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | સભ્યશ્રી |
| (૬) | જીલ્લા વિકાસ અધિકારીશ્રી,<br>વડોદરા જીલ્લા પંચાયત, વડોદરાના પ્રતિનિધિ | આમંત્રીત સભ્યશ્રી |
| (૭) | મુખ્યકારોબારી અધિકારીશ્રી<br>વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરા | સભ્ય સચિવશ્રી |

**આજની બેઠકમાં કોરમ થવાથી કાર્યસુચિ સાથેના નિયમિત મુધ્દા નં.૧ થી ૧૩ અને અધ્યક્ષ સ્થાનેથી મુધ્દા નં.૧ ની નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.**

**મુદ્દા નંબર :(૧) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૧૦/૨૦૨૧ ની ૨૪૮ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૧૦/૨૦૨૧ ની ૨૪૮ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર.નં.યુડીએ/મીટીંગ/૭૫૮/૨૦૨૧, તા.૦૯/૧૧/૨૦૨૧ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે. જે સત્તામંડળની બહાલી માટે રજુ થતા ઠરાવો બાબતે કોઇ સભ્યશ્રી તરફથી વાંધાસુચન મળેલ ન હોય સર્વાનુમતે બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક:(૨૭૬૧)** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૧૦/૨૦૨૧ ની ૨૪૮મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદ્દા નંબર: (૨) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૬/0૩/૨૦૨૧ ની ૨૪૭ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૬/0૩/૨૦૨૧ ની ૨૪૭ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો આ સાથે પત્રકમાં દર્શાવેલ જે વુડા બોર્ડ સમક્ષ રજુ કરતા થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી તથા તે પરત્વે તમામ સભ્યશ્રીઓની સર્વ સંમતિથી બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક:(૨૭૬૨)** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૬/0૩/૨૦૨૧ ની ૨૪૭ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદ્દા નંબર: (૩ ) GeM પોર્ટલપર ચીજવસ્તુ /સેવાઓની ખરીદીના અમલીકરણ માટેની જોગવાઈઓ તથા નાણાકીય સત્તા- મર્યાદા બાબત.**

ગુજરાત સરકારના "ઉધોગ અને ખાણ વિભાગ" દ્વારા રાજ્યના બોર્ડ/ કોર્પોરેશન/ સોસાયટીઓ/ કંપનીઓ/સંસ્થાઓ વિગેરે માટે સ્ટેશનરીની ખરીદી "ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ" GEM પોર્ટલ મારફતે ગુજરાત સરકારના "ઉધોગ અને ખાણ વિભાગ" ઠરાવ ક્રમાંક;એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩ (બો/કોર્પો.)-ચ સચિવાલય, ગાંધીનગર.તા,૧૪/૦૮/૨૧૭ ની જોગવાઇ મુજબ"GEM" પોર્ટલ ઉપર (૧) કચેરીના વડા (૨) મુખ્ય ખરીદકર્તા અધિકારી (૩) હિસાબી અધિકારી (૪) ખરીદકર્તા અધિકારી(કન્સાઇની)નો સમાવેશ કરી નીચે મુજબના અધિકારીઓશ્રીનું "GEM" પોર્ટલ રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે.

**૧) કચેરીના વડા :- મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડા**
**૨) મુખ્ય ખરીદકર્તા અધિકારી :- નાયબ ક્લેકટરશ્રી વુડા**
**૩) હિસાબી અધિકારી :- હિસાબી અધિકારીશ્રી-વર્ગ-૧ વુડા**
**૪) ખરીદકર્તા અધિકારી :- નાયબ ક્લેકટરશ્રી,વુડા**

સરકારશ્રીના"ઉધોગ અને ખાણ વિભાગ" ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ તા.03/૦૨/૨૦૨૧ અન્વયે (૧) GeM પોર્ટલપર રજીસ્ટ્રેશન (૨) ખરીદવાની ચીજવસ્તુ / સેવાની પસંદગી (૩) GeM પોર્ટલપર ઉપલબ્ધ ન હોય તેવી ચીજવસ્તુ / સેવા GeM સિવાય ખરીદી કરવા માટે પુર્વ મંજુરી મેળવવા અંગે (૪) GeM પોર્ટલપર ચીજવસ્તુ /સેવાઓની ખરીદીના અમલી કરણ માટેની ખરીદ સમિતીઓ (જુદી જુદી-૫- છે) (૫) ખરીદ સમિતીઓની નાણાંકીય સમય મર્યાદાઓ (૬) PAC -આઇટમ /બ્રાન્ડેડ આઇટમની ખરીદી (૭) GeM પર ખરીદ માટે અનુસરવાની પધ્ધતી (૮) પેમેન્ટ (૯) GeM પર ખરીદ માટેની સામાન્ય સુચનાઓ (૧૦) ન્યાયક્ષેત્ર અને (૧૧) અમલીકરણ અંગેની જોગવાઇઓ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતે વુડા કક્ષાએ કોઇપણ ખરીદી માટે ૫ લાખ સુધી મુખ્ય કરોબારીઅધિકારીશ્રીની સત્તાઓ છે. તથા તે બાદ ૫ લાખથી ઉપરની ખરીદીમાટે વુડા બોર્ડની મંજુરી લઇ ખરીદી કરવામાં આવે છે.જે મુજબ ખરીદી માટે મંજુરી મળ્યાબાદ નં-૪ અનુસાર GeM પોર્ટલ પર ચીજવસ્તુ / સેવાઓની ખરીદીના અમલીકરણ માટેની જોગવાઇઓ મુજબ અત્રેથી ખરીદ સમિતીઓ બનાવવાની થાય છે.જેમાં રૂા.૫ લાખ સુધી જિલ્લા કક્ષાની ખરીદ સમિતી તથા ૭૫ લાખ સુધી ખાતાના વડાની કક્ષા સુધીની ખરીદ સમિતી બનાવવાની થાય છે.જેમાં વુડામાં જિલ્લા કક્ષાની સમિતી માટે મુખ્ય કરોબારીઅધિકારી કક્ષાની તથા ખાતાના વડાની સમિતી માટે ચેરમેનશ્રી વુડાની કક્ષાની સમિતી બનાવવાની થાય છે. જે નીચે મુજબ છે.

**(અ) જિલ્લા કક્ષાની ખરીદ સમિતી ( DLPC) : વુડા સત્તામંડળની સમિતી**

| | | |
|---|---|---|
| ૧ | મુખ્ય કરોબારીઅધિકારીશ્રી .વુડા | અધ્યક્ષ |
| ૨ | નાયબ ક્લેકટરશ્રી . વુડા | સભ્ય |
| ૩ | પ્રવર નગર નિયોજકશ્રી .વુડા | સભ્ય |
| ૪ | હિસાબી અધિકારીશ્રી-વર્ગ-૧. વુડા | સભ્ય |
| ૫ | મામલતદારશ્રી . વુડા | સભ્ય<br>સચિવ |
| ૬ | કાર્યપાલક ઇજનેરશ્રી . વુડા | આમંત્રિત |

**(બ) (i) ખાતાના વડા કક્ષાની ખાતાકીય ખરીદ સમિતિ (DPC)**

| | | |
|---|---|---|
| ૧ | ચેરમેનશ્રી. વુડા | અધ્યક્ષ |
| ૨ | મુખ્ય કરોબારીઅધિકારીશ્રી. વુડા | સભ્ય |
| ૩ | હિસાબી અધિકારીશ્રી-વર્ગ-૧. વુડા | સભ્ય |
| ૪ | પ્રવર નગર નિયોજકશ્રી . વુડા | સભ્ય |
| ૫ | નાયબ ક્લેકટરશ્રી . વુડા | સભ્ય<br>સચિવ |
| ૬ | કાર્યપાલક ઇજનેરશ્રી . વુડા | આમંત્રિત |

ઉપરોકત (અ) જિલ્લા કક્ષાની ખરીદ સમિતી ( DLPC ) માં રૂા.૨૫,000/- થી ૫ (પાંચ) લાખ સુધીની ખરીદ કરવાની સત્તા કચેરીના વડા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડા કક્ષાની સમિતીને તથા (બ) ડિપાર્ટમેન્ટલ પરચેઝ કમિટી (DPC)/ વહીવટી વિભાગ માટે વિભાગની પેટા ખરીદ સમિતિમાં વિભાગીય વડા તરીકે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના ચેરમેનશ્રી કક્ષાની સમિતીને ૫ (પાંચ) લાખથી વધુ અને ૭૫ લાખની મર્યાદામાં સામાન્ય ખરીદી અંગે નિર્ણય લેવાની સત્તાઓ આપવા તથા ૭૫ લાખથી ઉપરની ખરીદી માટે વુડા બોર્ડ ધ્વારા નિર્ણય માટે રજુ કરવાનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી.તે પરત્વે સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૭૬૩)** :- સરકારશ્રીના ઉધોગ અને ખાણ વિભાગના તા.03/0૨/૨0૨૧ ના ઠરાવ અન્વયે જિલ્લા કક્ષાની ખરીદ સમિતી ( DLPC ) માં રૂા.૨૫,000/- થી ૫ (પાંચ) લાખ સુધીની ખરીદ કરવાની સત્તા કચેરીના વડા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડા સમિતીને સત્તાઓ આપવા તથા ડિપાર્ટમેન્ટલ પરચેઝ કમિટી (DPC)/ વહીવટી વિભાગ માટે વિભાગની પેટા ખરીદ સમિતિમાં વિભાગીય વડા તરીકે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના ચેરમેનશ્રી કક્ષાની સમિતીને ૫ (પાંચ) લાખથી વધુ અને ૭૫ લાખની મર્યાદામાં સામાન્ય ખરીદી અંગે નિર્ણય લેવાની સત્તાઓ આપવા તથા ૭૫ લાખથી ઉપરની ખરીદી માટે વુડા બોર્ડ સમક્ષ નિર્ણય લેવાનુ ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નં.(૪)** : વુડા ધ્વારા મોજે પશ્ચિમ વિસ્તારમાં અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૧ માં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક બનાવવાની કામગીરી માટે સર્વે કરી તૈયાર કરેલ ડી.પી.આર પરત્વે ખર્ચની મંજુરી બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ડેવલોપમેન્ટના કામો અંતર્ગત સરકારશ્રી ધ્વારા જે નગર રચના યોજનાઓ આખરી મંજુર કરેલ/પ્રારંભીક મંજુર થયેલ અથવા તો ડ્રાફટ સ્ટેજે મંજુર થયેલ નગર રચના યોજનાઓના અમલીકરણની કામગીરી કરવામાં આવી રહેલ છે. જેમાં મોટા ભાગની નગર રચના યોજનાઓમાં ટી.પી. ના રસ્તાને કાર્પેટના રસ્તા કરવાની કામગીરી પુર્ણ થયેલ છે અથવા તો પુર્ણ થવામાં છે તથા ભાયલી ટી.પી.સ્કીમ નં. ૧, ૨, ૩, ૪ અને ૫, સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ૨ અને ૩, વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧, સમા-દુમાડ-વેમાલી ટી.પી.સ્કીમ નં. ૨ તથા પુર્વ વિસ્તારના સયાજીપુરા, અણખોલ, ખટંબા, હનુમાનપુરાના ડી.પી. તથા ટી.પી. વિસ્તારમાં ડ્રેનેજ લાઈન તદઉપરાંત વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧ ખાતે ૨ MLD STP તથા ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ ખાતે ૫ MLD STP ની કામગીરી પુર્ણ કરી કાર્યરત કરી વડોદરા મહાનગરપાલિકાને સોંપવામાં આવેલ છે. હાલ ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ અને ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨ ખાતે ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી તથા પશ્ચિમ વિસ્તારમાં અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૧ ખાતેની ઘણી સોસાયટીઓમાં વિકાસ થયેલ હોઈ, પશ્ચિમ વિસ્તારમાં આવેલ અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૧ માં રસ્તાની કામગીરી પ્રગતિમાં હોઈ, આ વિસ્તારોના ઝડપી વિકાસને જોતા આ વિસ્તારમાં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્કની કામગીરી કરવી જરૂરી હોઈ, હાલ અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્કની કામગીરી માટે વુડાના એમ્પેનલ્ડ PMC એજન્સીઓ પૈકી સ્થપતી ડીઝાઈન એન્ડ કન્સલટન્ટસ પ્રા.લી., નવસારીને ડી.પી.આર બનાવવાની કામગીરી સોંપી ડી.પી.આર તૈયાર કરાવેલ છે. જેનો અંદાજીત રૂ. ૮.૨૫ કરોડ જેટલો ખર્ચ થાય તેમ છે.

આમ, ઉપરોકત વિગતે સદર કામગીરીનો સર્વે કરી, અંદાજો તૈયાર કરાવી, ડી.પી.આર બનાવી સુપરવિઝનની કામગીરી માટે નક્કી કરેલ પી.એમ.સી ની કાર્યવાહીને બહાલી આપવા તથા થનાર અંદાજીત ખર્ચને સૈધ્ધાંતિક મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સર્વ સભ્શ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૭૬૪)** : વુડા ધ્વારા મોજે પશ્ચિમ વિસ્તારમાં અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૧ માં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક બનાવવાની કામગીરી માટે થનાર અંદાજીત ખર્ચ રૂ. ૮.૨૫ કરોડને મંજુરી આપવા તથા સદર કામગીરી માટે વુડાની એમ્પેન્લડ એજન્સીઓ પૈકી કરેલ પી.એમ.સી. ની નિમણુકની કાર્યવાહીને બહાલી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા આ અંગે કરવાની થતી આગળની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને આપવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નં.(૫)** : વુડા ધ્વારા મોજે પુર્વ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં. ૨૫ માં બાકી રહેલ અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક બનાવવાની કામગીરી માટે સર્વે કરી તૈયાર કરેલ ડી.પી.આર પરત્વે ખર્ચની મંજુરી બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ડેવલોપમેન્ટના કામો અંતર્ગત સરકારશ્રી ધ્વારા જે નગર રચના યોજનાઓ આખરી મંજુર કરેલ/પારંભીક મંજુર થયેલ અથવા તો ડ્રાફ્ટ સ્ટેજે મંજુર થયેલ નગર રચના યોજનાઓના અમલીકરણની કામગીરી કરવામાં આવી રહેલ છે. જેમાં મોટા ભાગની નગર રચના યોજનાઓમાં ટી.પી. ના રસ્તાને કાર્પેટના રસ્તા કરવાની કામગીરી પુર્ણ થયેલ છે અથવા તો પુર્ણ થવામાં છે તથા ભાયલી ટી.પી.સ્કીમ નં. ૧, ૨, ૩, ૪ અને ૫, સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ૨ અને ૩, વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧, સમા-દુમાડ-વેમાલી ટી.પી.સ્કીમ નં. ૨ તથા પુર્વ વિસ્તારના સયાજીપુરા, અણખોલ, ખટંબા, હનુમાનપુરાના ડી.પી. તથા ટી.પી. વિસ્તારમાં ડ્રેનેજ લાઈન તદ્દઉપરાંત વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧ ખાતે ૨ MLD STP તથા ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ ખાતે ૫ MLD STP ની કામગીરી પુર્ણ કરી કાર્યરત કરી વડોદરા મહાનગરપાલિકાને સોંપવામાં આવેલ છે. હાલ ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ અને ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨ ખાતે ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી તથા પુર્વ વિસ્તારના ટી.પી.સ્કીમ નં. ૨૫ ના ડ્રેનેજના મલિન જળને વી.એમ.સી. ના ૬૦ MLD STP માં લઈ જવા MPS તથા પ્રેસર લાઈન નાખવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. પુર્વ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં. ૨૫ માં રસ્તાની કામગીરી પ્રગતિમાં હોઈ તથા રહેણાંક સોસાયટીઓનો વિકાસ થઈ રહેલ હોઈ, આ વિસ્તારોનો ઝડપી વિકાસને જોતા આ વિસ્તારમાં અગાઉ ડી.પી. રસ્તા તથા નાળીયા રસ્તા પર કરેલ અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક ઉપરાંત ટી.પી. ૨૫ ના મંજુર રસ્તાકીય નેટવર્ક પર બાકી રહેલ અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્કની કામગીરી કરી બનાવવા જરૂરી હોઈ હાલ અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્કની કામગીરી માટે વુડાના એમ્પેનલ્ડ PMC એજન્સીઓ પૈકી જીયો ડિઝાઈન એન્ડ રિસર્ચ (પ્રા) લી., વડોદરાને ડી.પી.આર બનાવવાની કામગીરી સોંપી ડી.પી.આર તૈયાર કરાવેલ છે. જેનો અંદાજીત રૂ. ૨૬.૫ કરોડ જેટલો ખર્ચ થાય તેમ છે.

આમ, ઉપરોકત વિગતે સદર કામગીરીનો સર્વે કરી, અંદાજો તૈયાર કરાવી, ડી.પી.આર બનાવી સુપરવિઝનની કામગીરી માટે નક્કી કરેલ પી.એમ.સી ની કાર્યવાહીને બહાલી આપવા તથા થનાર અંદાજીત ખર્ચને સૈધ્ધાંતિક મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સર્વ સભશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૭૬૫)** : વુડા ધ્વારાપ મોજે પુર્વ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં. ૨૫ માં બાકી રહેલ અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક બનાવવાની કામગીરી માટે થનાર અંદાજીત ખર્ચ રૂ. ૨૬.૫ કરોડને મંજુરી આપવા તથા સદર કામગીરી માટે વુડાની એમ્પેન્લડ એજન્સીઓ પૈકી કરેલ પી.એમ.સી. ની નિમણુકની કાર્યવાહીને બહાલી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા આ અંગે કરવાની થતી આગળની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને આપવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર (૬ ) :** વુડાની ટી.પી.સ્કીમોમાં બાગ-બગીચા માટે સંપ્રાપ્ત થયેલ પ્લોટોમાં વૃક્ષા રોપણ કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા નિમેઠા ટી.પી.સ્કીમ નં. ૦૧, ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં.૦૧ અને ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં.૦૨ માં કાર્પેટ રોડ બનાવવાની કામગીરી કરવામાં આવેલ છે તથા ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં.૦૧ અને ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં.૦૨ માં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્કની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. ઈન્ફ્રાસ્ટ્રકચરના વિકાસને કારણે આ ટી.પી.સ્કીમોના વિસ્તારોમાં રહેણાંક અને કોમર્શીયલ પ્રોજેકટોનો ખુબજ સુંદર અને ઝડપી વિકાસ થઈ રહેલ છે. આથી આ વિસ્તારમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટના ભાગ રૂપે ટી.પી.સ્કીમોમાં સંપ્રાપ્ત થયેલ બાગ-બગીચાના પ્લોટોનો વિકાસ કરવામાં આવે તો સદર વિસ્તારની આબોહવામાં સમતુલન જળવાઈ રહે તથા સ્વચ્છ હવા મળી રહે તથા જેતે જમીનોની યથાયોગ્ય જાળવણી પણ થઈ શકે તે હેતુથી ટી.પી.સ્કીમોમાં બાગ-બગીચા માટે સંપ્રાપ્ત થયેલ કુલ ૦૪ (ચાર) પ્લોટોમાં વૃક્ષા રોપણ કરવાનું આયોજન કરેલ છે. જે માટે અત્રેની કચેરીમાં એમ્પેનલ્ડ કન્સલટન્ટશ્રી જીયો ડિઝાઈન એન્ડ રિસર્ચ (પ્રા) લી., વડોદરા પાસે નીચે દર્શાવ્યા મુજબ ઉકત કુલ ૦૩ ટી.પી.સ્કીમો પૈકી બાગ-બગીચા માટે સંપ્રાપ્ત થયેલ કુલ ૦૪ પ્લોટો માટે નકશા તૈયાર કરાવી વૃક્ષા રોપણ, એક પાણીનો બોર, પંપ રૂમના કુલ ૦૩ વર્ષના O & M સાથે અંદાજ તૈયાર કરાવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| અનુ.નં. | ટી.પી.સ્કીમ નં. | એફ.પી. નં. | પ્લોટ એરિયા (ચો.મી.) | અંદાજીત ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|---|---|
| ૧. | નિમેઠા ટી.પી.સ્કીમ નં. ૦૧ | ૩૨ | ૧૦૬૨.૦૦ | રૂ. ૮,૪૮,૩૦૦.૦૦ |
| ૨. | ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૦૧ | ૧૧૧ | ૧૯૧૨.૦૦ | રૂ. ૯,૦૯,૦૦૦.૦૦ |
| ૩. | ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૦૧ | ૧૧૩ | ૧૯૧૨.૦૦ | રૂ. ૭,૧૫,૫૦૦.૦૦ |
| ૪. | ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૦૨ | ૦૨ | ૪૩૮૪.૦૦ | રૂ.૧૦,૭૪,૧૦૦.૦૦ |

ઉપરોકત વિગતે બાગ-બગીચાના ૦૪ (ચાર) પ્લોટોમાં વૃક્ષા રોપણ કરી વિકાસ કરવા અંગે થનાર ખર્ચને મંજુરી આપવા તથા સદર કામગીરીના અંદાજો તૈયાર કરવા, ડી.પી.આર બનાવવા, આયોજન કરવા અને ડ્રોઈંગને લગત કામગીરી સહીતની સુપરવિઝનની કામગીરી માટે પી.એમ.સી. તરીકે જીયો ડિઝાઈન એન્ડ રિસર્ચ (પ્રા) લી., વડોદરાની એજન્સીને કાર્યવાહી માટે બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે સાદર રજુ થતા આ વિસ્તારોમાં વૃક્ષા રોપણ કરવાના ઓપરેશન અને મેન્ટેનન્સ સાથે ડી.પી.આર. તૈયાર કરાવવા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૭૬૬)** :મોજે નિમેઠા ટી.પી.સ્કીમ નં. ૦૧ ના એફ.પી. ૩૨, ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૦૧ ના એફ.પી. ૧૧૧ અને ૧૧૩ તથા ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૦૨ ના એફ.પી. ૦૨ મળી કુલ ૦૪ પ્લોટોમાં દરેકમાં વૃક્ષા રોપણ કરી એક પાણીનો બોર, પંપ રૂમ બનાવી કુલ ૦૩ વર્ષના O & M સાથે ડેવલોપ કરવાની કામગીરી માટે થનાર અંદાજીત ખર્ચ રૂ. ૩૫,૪૬,૯૦૦/- ને મંજુરી આપવા તથા આ કામગીરી માટે કરેલ પી.એમ.સી. ની નિમણુંકની કાર્યવાહીને બહાલી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા આ અંગે કરવાની થતી આગળની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને આપવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર (૭ ) :** વુડા વિસ્તારમાં મોજે દુમાડ અને નિમેટા પંચાયતોને ઘન કચરાના નિકાલ માટે ઈ-રીક્ષા આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં ગામની આજુબાજુમાં નોન ટી.પી વિસ્તારમાં રહેણાંક વિકાસ થયેલ છે. આ ગામોની આજુબાજુ થયેલ વિકાસને કારણે વસવાટ વધતા ઉત્પન્ન થતા ઘન-કચરાના નિકાલ માટે ગ્રામ પંચાયતો પાસે પુરતા સાધનો ન હોવાને કારણે આ ઘન-કચરાના નિકાલ માટે ગ્રામ પંચાયતો દ્વારા ઈ-રીક્ષાની માંગણી કરવામાં આવે છે. જેમાં ગ્રામ પંચાયતની માંગણી પરત્વે વુડા બોર્ડની મંજુરી બાદ ઈ-રીક્ષાની ફાળવણી કરવામાં આવે છે. જે મુજબ અત્યાર સુધી ૩૦ ગ્રામ પંચાયતોને ૧૦૩ ઈ-રીક્ષા ફાળવી આપેલ છે તથા ૦૭ ગ્રામ પંચાયતો માટે ૨૦ માંથી ૧૪ ઈ-રીક્ષાઓ ફાળવવા એજન્સીને વર્ક ઓર્ડર આપેલ છે. તથા વપરાશમાં ન હોય તેવી ૦૬ ઈ-રીક્ષા કોયલી તથા અણખોલ ગ્રામ પંચાયત દ્વારા પરત આપેલ છે. હવે દુમાડ ગ્રામ પંચાયત ધ્વારા ૧૦ અને નિમેટા ગ્રામ પંચાયત ધ્વારા ૦૭ ઈ-રીક્ષા મળી કુલ ૧૭ ઈ-રીક્ષા ફાળવી આપવાની રજુઆત કરેલ છે. જેમાં દુમાડ ગ્રામ પંચાયને અગાઉ ૦૩ ઈ-રીક્ષા ફાળવેલ છે. આમ કુલ ૧૭ ઈ-રીક્ષાની ફાળવણી અંગે ગ્રામ પંચાયતો દ્વારા ઠરાવ તૈયાર કરી અત્રેને રજુ કરેલ છે. વુડા ધ્વારા અગાઉ ટેન્ડર પ્રક્રિયા કરી ઈ-રીક્ષાના નક્કી કરેલ ભાવો મુજબ ૧૦૩ ઈ-રીક્ષાની ખરીદી કરી જેતે ગ્રામ પંચાયતોને સોપવામાં આવેલ છે. અગાઉ ટેન્ડર પ્રક્રિયા દ્વારા નક્કી કરેલ એજન્સીનો સમયગાળો પુર્ણ થયેલ છે. આથી નવુ ટેન્ડર બહાર પાડી ભાવો નક્કી કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. આમ ગ્રામ પંચાયતો દ્વારા માંગણી કરેલ કુલ ૧૭ ઈ-રીક્ષાની માંગણી પરત્વે ઈ-રીક્ષાઓની ખરીદી કરી મરામત અને નિભાવણી જેતે ગ્રામ પંચાયત ધ્વારા કરવાની શરતે મંજુર થનાર ટેન્ડરના નવીન ભાવથી ફાળવણી કરવા તથા તે અંગે થનાર ખર્ચની મંજુરી આપવા તથા બોર્ડ બેઠક નં. ૨૪૬ ના ઠરાવ ક્રમાંક ૨૭૨૬ અન્વયે ભાયલી તથા બીલને ફાળવેલ વી.એમ.સી. હસ્તકની ૧૦ ઈ-રીક્ષા પરત લઈ ફાળવણી કરવાની થતી હતી. પરંતુ વી.એમ.સી. દ્વારા ૧૦ ઈ-રીક્ષા ઉપયોગમાં લેવાતી હોવાથી પરત ન મળતા અગાઉના મંજુર ભાવે ૧૦ ઈ-રીક્ષા ખરીદી કરી જેતે ગ્રામ પંચાયતોને સોંપવા વર્ક ઓર્ડર અપાયેલ છે. જે કાર્યવાહીને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૨૭૬૭)</u>** : મોજે દુમાડ અને નિમેટા ગ્રામ પંચાયતોની ઈ-રીક્ષાઓની માંગણી પરત્વે નવેસરથી ટેન્ડર પ્રક્રિયા કરી ઈજારદાર નક્કી કરી દુમાડ ગ્રામ પંચાયતને ૦૪ ઈ-રીક્ષા તથા નિમેટા ગ્રામ પંચાયતને ૦૩ ઈ-રીક્ષા આપવા કુલ ૦૭ ઈ-રીક્ષા ખરીદી કરવા મંજુરી આપવા તથા વી.એમ.સી. માંથી પરત ન મળેલ ૧૦ ઈ-રીક્ષા માટે પ્રવર્તમાન ટેન્ડર માં નક્કી થયેલ ભાવો મુજબ નવીન ૧૦ ઈ-રીક્ષાની ખરીદી માટે આપવામાં આવેલ વર્ક ઓર્ડરને બહાલી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા આ અંગે કરવાની થતી આગળની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને આપવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર(૮) :** મોજે સમિયાલા પાસેથી પસાર થતાં વરસાદી કાંસમાં વી.એમ.સી. વિસ્તારમાંથી આવતા ટ્રીટેડ વોટર પસાર કરવા આમોદ સ્ટેમ્પીંગ કમ્પની થી સમિયાલા ગામ પાસે રેલ્વે લાઇન સુધી આર.સી.સી. પાઇપલાઇન નાખવાની કામગીરી બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, મોજે ભાયલી ટી.પી. સ્કીમ નં.૫ થી સમીયાલા સુધી પસાર થતી વરસાદી કાંસને આર.સી.સી.ની પાકી કાંસ બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. પરંતુ ભાયલી ટી.પી.૫ માં બનાવેલ ૫ MLD STP નું શુધ્ધીકરણ કરેલ પાણી કાંસ મારફત વિશ્વામિત્રી સુધી લઈ જવામાં આવે છે. સદર STPનું પાણી કાંસમાં જવાને કારણે સમીયાલા ગામ પાસે રેલ્વે ગળનાળા પાસે અવરજવરમાં તકલીફ થતી હોવાથી ખુલ્લા કાંસને કારણે ગંદકી થતી હોવાથી સમીયાલા ગામના લોકો ધ્વારા સમીયાલા ગામની શરૂઆતમાં પાળો બનાવી પાણી રોકવામાં આવેલ હતુ. જેથી ભાયલી તરફ વી.એમ.સી. વિસ્તારોમાં સદર કાંસનું પાણી ઉભરાઇ રહેલ હતુ. આ અંગે સમીયાલા ગામના લોકોને સમજાવટ કરતા તેઓ દ્વારા સદર કાંસમાં આવતુ ડ્રેનેજના પાણીને પાઇપલાઇન ધ્વારા છોડવામાં આવે તો જ પાળો તોડવા સંમત થયેલ હતા. આ સંદર્ભે સિંચાઇ વિભાગ, વી.એમ.સી, મામલતદારશ્રી તથા અત્રેની કચેરી ધ્વારા સમીયાલા ગામના લોકો તથા સરપંચશ્રીની હાજરીમાં થયેલ સમજુતી મુજબ ભાયલી વિસ્તારમાં રોગચાળો ફેલાઇ નહી તે માટે પાઇપ લાઇનની નવીન કામગીરી કરવા કાંસમાં ડ્રેનેજ ટ્રીટેડ વોટર પસાર કરવા કાંસની અંદર નવીન પાઇપ લાઇન નાંખવાની કામગીરી માટે વુડાના એમ્પેનલ્ડ PMC એજન્સીઓ પૈકી જયેશ એ. દલાલ ને ડી.પી.આર બનાવવાની કામગીરી સોંપી ડી.પી.આર તૈયાર કરાવેલ છે. જે રૂા. ૩,૮૯,૨૧,૩૬૧/- કરોડના અંદાજોને બોર્ડની મંજુરીની અપેક્ષાએ વુડાની ટી.એસ. કમીટી ધ્વારા તાંત્રિક મંજુરી મેળવી બાંધકામની કામગીરી માટે ઈજારદારો નક્કી કરવા ઓનલાઈન શોર્ટનોટીસ ટેન્ડર બહાર પાડી ભાવો મંગાવેલ હતા. જે પરત્વે નીચે મુજબ ટેન્ડરો મળેલ હતા.

| Sr. no. | PMC AGENCY | NAME OF AGENCY (L1) | Tender Quoted Amount | % Above /Below | Remark |
|---|---|---|---|---|---|
| 1 | Jayesh A. Dalal, Surat | M/s. Divyashakti Const Co., Vadodara. | Rs. 4,06,44,680.00 | 12.78% Above | L1 |
| | | Shiwalay Infra Project Pvt. Ltd., Vadodara | Rs. 4,16,61,340.00 | 15.60% Above | L2 |
| | | D. R. Patel Infrastructure Pvt. Ltd., Vadodara. | Rs. 4,70,61,826.54 | 30.59% Above | L3 |

ઉપરોક્ત વિગતે ઈજારદાર નક્કી કરવા થયેલ ટેન્ડર પ્રક્રિયાની કાર્યવાહી તથા આ કામગીરીના સુપરવિઝન માટે નક્કી કરેલ પી.એમ.સી ની કાર્યવાહીને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક( ૨૭૬૮)** : મોજે સમિયાલા પાસેથી પસાર થતાં વરસાદી કાંસમાં વી.એમ.સી. વિસ્તારમાંથી આવતા ટ્રીટેડ વોટર પસાર કરવા આમોદ સ્ટેમ્પીંગ કમ્પની થી સમિયાલા ગામ પાસે રેલ્વે લાઇન સુધી આર.સી.સી. પાઇપલાઇન નાખવાની કામગીરી માટે વુડાની એમ્પેનલ્ડ એજન્સી પૈકી નક્કી કરેલ પી.એમ.સી. ની નિમણુંક તથા ટેન્ડર પ્રક્રિયા કરી આવેલ ઓફરો પૈકી સૌથી ઓછી ઓફર આપનાર M/s. Divyashakti Const Co., Vadodara. (L1) ને રૂ.૪,૦૩,૬૩,૫૭૬/- ના ખર્ચે કામગીરી કરવા આપેલ વર્ક ઓર્ડરની કાર્યવાહીને બહાલી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા આ અંગે કરવાની થતી આગળની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને આપવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નં. (૦૯): પ્લોટ વેલીડેશન પ્રમાણપત્ર માટે વસુલાતી લાગત પરત્વેની નીતિમાં ફેર કરવા બાબત.**

સરકારશ્રીના તા.૦૩/૧૦/૨૦૧૯ ના રોજ મંજૂર કરવામાં આવેલ કમ્પ્રીહેન્સીવ જી.ડી.સી.આર.ની જોગવાઇ અનુસાર પ્લોટ વેલીડેશન પ્રમાણપત્ર મેળવવા સારૂ, અરજદારશ્રીએ પ્લોટ વેલીડેશન સર્ટીફિકેટની અરજી કરતાં સમયે જમીન વુડાની મંજુર તથા અમલી દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના અંતર્ગત જે ઝોનમાં હોય તેના મળવાપાત્ર થતી મહત્તમ બેઝ એફ.એસ.આઇના ક્ષેત્રફળ માટેની એમીનીટીફીની ભરવાપાત્ર થતી નિયત રકમના ૧૦% લેખેની રકમ અથવા રૂ.૫૦૦૦/- બે પૈકી જે વધારે હોય તે રકમ પ્લોટ વેલીડેશન પ્રમાણપત્ર મેળવવા માટેની અરજી સાથે એમીનીટી ફીની ડિપોઝીટ સ્વરૂપે જમા કરાવવાની રહેશે. તથા આવી વસુલ કરવામાં આવેલ રકમ વિકાસ પરવાનગી મેળવતી વખતે ખરેખર ભરવાપાત્ર થતી એમીનીટી ફી સાથે સરભર કરવાની રહેશે. તથા પ્લોટ વેલીડેશન પ્રમાણપત્ર ઇસ્યુ કર્યા તારીખથી અરજદારશ્રી ૩ મહિનામાં વિકાસ પરવાનગી માટે નિયત ચકાસણી ફી ભરીને અરજી ન કરે તો તેવા સંજોગોમાં ઉકત ડિપોઝીટ સ્વરૂપે વુડાએ લીધેલ પ્લોટ વેલીડેશન સર્ટીફિકેટની અરજી કરતી વખતે ભરેલ રકમ જપ્ત કરવામાં આવશે. તથા આવી રકમ ભવિષ્યમાં ભરવાપાત્ર થતી એમીનીટી ફી સાથે સરભર કરવામાં આવશે નહીં. તેમ બોર્ડ બેઠક નં.<u>૨૪૨</u> ના ઠરાવ ક્રમાંક <u>(૨૬૬૯)</u> થી સર્વાનુમતે ઠરાવેલ હતું.

અરજદારશ્રી દ્વારા રજૂ થયેલ પ્લોટ વેલીડેશન પ્રમાણપત્ર પરત્વે સાધનિક પુરાવાની ચકાસણી કરી જો કોઇ પણ તાંત્રિક/કારણોસર પ્લોટવેલીડેશન પ્રમાણપત્ર આપવાપાત્ર ન હોય તે કિસ્સામાં પ્લોટવેલીડેશન ફી કે જે એમીનીટી ફીના ડિપોઝીટ સ્વરૂપે લેવાયેલ છે. તે રકમનું શું કરવું તે પરત્વે કોઇ સ્પષ્ટતા અત્રેના બોર્ડના ઠરાવમાં કરાયેલ નથી. તેમજ બોર્ડ બેઠકનં.<u>૨૪૨</u> ના ઠરાવ ક્રમાંક <u>(૨૬૬૯)</u> થી ઠરાવ્યાનુસાર પ્લોટવેલીડેશન પ્રમાણપત્ર મેળવ્યાના ત્રણ મહિનામાં અરજદારશ્રી વુડા ખાતે વિકાસ પરવાનગી માટે અરજી ન કરે તે કિસ્સામાં અત્રેને પ્લોટ વેલીડેશન ફી કે જપ્ત કરવાની થાય છે. તે કયા હેડમાં જમા લેવી તેની પણ સ્પષ્ટતા ઉપલબ્ધ નથી.

આ સંજોગોમાં વુડાની ૨૪૨ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૬૬૯ માં નીચે મુજબનો સુધારો/ઉમેરો કરીએ તેમ રજુઆત છે. જે ચર્ચા વિચારણા અને ઉચિત નિર્ણય લેવા અંગેનો મુદ્દો બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા અર્થે કરવા રજુઆત છે.

(૧)અરજદારશ્રી દ્વારા પ્લોટ વેલીડેશન પ્રમાણપત્ર સંદર્ભે કરાતી અરજી સાથે સવાલવાળી જમીનમાં સીજીડીસીઆર તથા અન્ય નિયમો મુજબ પ્લોટ વેલીડેશન પ્રમાણપત્ર તેમજ વિકાસ પરવાનગી મળવાપાત્ર છે. તેમ તેઓશ્રીને જાણ છે. તેમ સોગંદનામું રજૂ કરાવવું યોગ્ય જણાય છે.

(૨)અગાઉ વુડાની ૨૪૨ મી બોર્ડ બેઠકના ઠરાવ્યાનુસાર પ્લોટ વેલીડેશન પ્રમાણપત્ર ઇસ્યુ કર્યા તારીખથી અરજદારશ્રી ૩ મહિનામાં વિકાસ પરવાનગી માટે નિયત ચકાસણી ફી ભરીને અરજી ન કરે તો તેવા સંજોગોમાં ઉકત ડિપોઝીટ સ્વરૂપે વુડાએ લીધેલ પ્લોટ વેલીડેશન પ્રમાણપત્રની અરજી કરતી વખતે ભરેલ રકમ જપ્ત કરવામાં આવશે. તથા આવી રકમ ભવિષ્યમાં ભરવાપાત્ર થતી એમીનીટી ફી સાથે સરભર કરવામાં આવશે નહીં. તે પરત્વે જપ્ત થયેલ રકમ એકાઉન્ટ શાખામાં ચકાસણી ફી (પ્લોટ વેલીડેશન) નામનું નવીન હેડ બનાવી તેમાં જમાં લેવાની રહે તેમ પધ્ધતિ અમલમાં લાવવા જોગ છે.

(૩)વધુમાં ઉપરોકત મુદ્દા નં (૧) માં દર્શાવ્યા મુજબના કિસ્સામાં પ્લોટ વેલીડેશન પ્રમાણપત્ર આપવાપાત્ર ન થાય તો એમીનીટી ડિપોઝીટ સ્વરૂપે લીધેલ પ્લોટ વેલીડેશન સર્ટીફિકેટ ફી પરત કરવાની રહેશે નહીં.તથા જપ્ત થયેલ રકમ એકાઉન્ટ શાખામાં ચકાસણી ફી (પ્લોટ વેલીડેશન) નામનું નવીન હેડ બનાવી તેમાં જમાં લેવાની રહે તેમ પધ્ધતિ અમલમાં લાવવા જોગ છે.

(૪)અરજદારશ્રી પ્લોટ વેલીડેશન પ્રમાણપત્ર મેળવ્યા બાદ ત્રણ મહિનાના સમયગાળામાં અરજી કરે પરંતુ જો વિકાસ પરવાનગી નિયમાનુસાર મળવાપાત્ર જ ન હોય તે કિસ્સામાં પણ પ્લોટ વેલીડેશન પ્રમાણપત્ર ફી એકાઉન્ટ શાખામાં ચકાસણી ફી (પ્લોટ વેલીડેશન) નામનું નવીન હેડ બનાવી તેમાં જમાં લેવાની રહે તેમ પધ્ધતિ અમલમાં લાવવા જોગ છે.

**ઠરાવ ક્રમાંક (૨૭૬૯)** : વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ઉપરોક્ત મુદ્દા પરત્વે વિગતવાર ચર્ચા વિચારણાના અંતે વુડાની ૨૪૨ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૬૬૯ માં નીચે મુજબનો સુધારો/ઉમેરો મુજબ ઠરાવવામાં આવ્યુ.

(૧)અરજદારશ્રી દ્વારા પ્લોટ વેલીડેશન પ્રમાણપત્ર સંદર્ભે કરાતી અરજી સાથે સવાલવાળી જમીનમાં સીજીડીસીઆર તથા અન્ય નિયમો મુજબ પ્લોટ વેલીડેશન પ્રમાણપત્ર તેમજ વિકાસ પરવાનગી મળવાપાત્ર છે. તેમ તેઓશ્રીને જાણ છે. તેમ સોગંદનામું રજૂ કરાવવાનું ઠરાવવામાં આવ્યુ.

(૨)અગાઉ વુડાની ૨૪૨ મી બોર્ડ બેઠકના ઠરાવ્યાનુસાર પ્લોટ વેલીડેશન પ્રમાણપત્ર ઇસ્યુ કર્યા તારીખથી અરજદારશ્રી ૩ મહિનામાં વિકાસ પરવાનગી માટે નિયત ચકાસણી ફી ભરીને અરજી ન કરે તો તેવા સંજોગોમાં ઉકત ડિપોઝીટ સ્વરૂપે વુડાએ લીધેલ પ્લોટ વેલીડેશન પ્રમાણપત્રની અરજી કરતી વખતે ભરેલ રકમ જપ્ત કરવામાં આવશે. તથા આવી રકમ ભવિષ્યમાં ભરવાપાત્ર થતી એમીનીટી ફી સાથે સરભર કરવામાં આવશે નહીં. તે પરત્વે જપ્ત થયેલ રકમ એકાઉન્ટ શાખામાં ચકાસણી ફી (પ્લોટ વેલીડેશન) નામનું નવીન હેડ બનાવી તેમાં જમા લેવાની રહે તેમ પધ્ધતિ અમલમાં લાવવા ઠરાવવામાં આવ્યુ.

(૩)વધુમાં ઉપરોકત મુદ્દા નં (૧) માં દર્શાવ્યા મુજબના કિસ્સામાં પ્લોટ વેલીડેશન પ્રમાણપત્ર આપવાપાત્ર ન થાય તો એમીનીટી ડિપોઝીટ સ્વરૂપે લીધેલ પ્લોટ વેલીડેશન સર્ટીફિકેટ ફી પરત કરવાની રહેશે નહીં.તથા જપ્ત થયેલ રકમ એકાઉન્ટ શાખામાં ચકાસણી ફી (પ્લોટ વેલીડેશન) નામનું નવીન હેડ બનાવી તેમાં જમા લેવાની રહે તેમ પધ્ધતિ અમલમાં લાવવા ઠરાવવામાં આવ્યુ.

(૪) અરજદારશ્રી પ્લોટ વેલીડેશન પ્રમાણપત્ર મેળવ્યા બાદ ત્રણ મહિનાના સમયગાળામાં અરજી કરે પરંતુ જો વિકાસ પરવાનગી નિયમાનુસાર મળવાપાત્ર જ ન હોય તે કિસ્સામાં પણ પ્લોટ વેલીડેશન પ્રમાણપત્ર ફી એકાઉન્ટ શાખામાં ચકાસણી ફી (પ્લોટ વેલીડેશન) નામનું નવીન હેડ બનાવી તેમાં જમા લેવાની રહે તેમ પધ્ધતિ અમલમાં લાવવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર (૧૦)** : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૫ (ટેકનોલોજી પાર્ક) ની દરખાસ્ત મુજબના અંતિમખંડ નં.૨ થી ૫૦ ની પૂર્વ તરફેના લાગુ ૧૮.૦૦ મી. પહોળાઈના ડી.પી. રસ્તાની એલાઈનમેન્ટમાં આંશિક ફેરફાર કરવા તથા તેને લાગુ ૬.૦૦ મી. નો કાંસ દર્શાવવા અન્વયે ડી.પી. રસ્તાની એલાઈનમેન્ટમાં ફેરફાર કરવા બાબત.

વુડાની ઈજનેરી શાખા ધ્વારા હાલમાં મોજે. સયાજીપુરા થી હનુમાનપુરા, અણખોલ થઈ ખટંબા સુધી જતી કાંસને પાકી કાંસ બનાવવા અન્વયે DPR બનાવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. સદર કાંસનો અમુક ભાગ કે જે મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૫ (ટેકનોલોજી પાર્ક) માંથી પસાર થાય છે. જે કાંસ પર સદર નગર રચના યોજનાની દરખાસ્ત મુજબ અંતિમખંડો ફળવાયેલ હોવાનું જણાતાં; સદર અંતિમખંડોમાં વિકાસ થયેથી કાંસના વહેણમાં અવરોધ ઉભો થવાની શક્યતા હોઈ; તેમજ સદર કાંસને ચાલુ રાખવા અન્વયે સદર નગર રચના યોજનામાં સમાવિષ્ટ ૧૮.૦૦ મી. પહોળાઈના ડી.પી. રસ્તા પર રી-એલાઈન કરી શકાય કે કેમ? જે અન્વયે ઈજનેરશાખા તથા તાંત્રીક શાખાની સંયુક્ત મીટીંગનું આયોજન કરેલ. જે મીટીંગમાં સવાલવાળી કાંસ કે જે મોજે. હનુમાનપુરાના બ્લોક નં. ૭૧/પૈકી, ૭૦, ૬૫/પૈકી, ૫૪, ૫૬/પૈકી, ૫૫/પૈકી, ૩૯/પૈકી, ૪૦, ૪૧, તથા મોજે. અણખોલના બ્લોક નં. ૧૮૦/પૈકી, ૧૮૫/૨/પૈકી, ૧૮૧/પૈકી, ૧૮૫/૩/પૈકી, ૧૮૪/અ/પૈકી માંથી કાંસ પસાર થાય છે. સદર ભાગ પુરતુ હાલમાં ૧૮.૦૦ મી. પહોળાઈના રસ્તાની એલાઈમેન્ટમાં સુધારો કરી ૬.૦૦ મી. પહોળાઈની કાંસ આમેજ કરી; ૧૮.૦૦ મી. રોડ + ૬.૦૦ મી. કાંસ મળી કુલ ૨૪.૦૦ મી. પહોળાઈ કરવાની થાય તેવુ નિરાકરણ આપેલ જે મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજનાના અંતિમખંડની ૨ થી ૫૦ સુધી લાગુ ડી.પી. ૧૮.૦૦ મી. પહોળાઈના રસ્તાની પૂર્વ તરફે ૬.૦ મી. કાંસ આમેજ કરવાની થાય. જે દર્શાવતા નકશા આ સાથે સામેલ છે.

સદર મુસદ્દારૂપ નગર રચના યોજના હાલમાં અંતિમ કરવા સારૂ સરકારશ્રી ધ્વારા નિયુક્ત નગર રચના અધિકારીશ્રી હસ્તક હોઈ; સદર અસર પામતા ડી.પી. રસ્તાની એલાઈનમેન્ટમાં આંશિક સુધારો કરી પૂર્વ તરફે ૬.૦૦ મી. પહોળાઈનો કાંસ દર્શાવી; તેને લાગુ ૧૮.૦૦ મી. પહોળાઈનો રસ્તો દર્શાવી તે મુજબ અસર પામતા મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજના મુજબના અંતિમખંડ નં. ૧, ૨, ૩, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૮, ૧૯, ૪૩, ૪૫/૧, ૪૫/૨, ૪૭/૧, ૪૭/૨, ૪૭/૩, ૪૮, ૫૦ અન્વયે નવીન કામચલાઉ પુન:રચના યોજના દરખાસ્ત તૈયાર કરવાનું જણાવવાનું થાય તથા સદર ડી.પી. રસ્તાની એલાઈનમેન્ટમાં ફેરફાર સંબંધે હાલમાં કલમ-૧૯ હેઠળ વેરીએશન કરવાની દરખાસ્ત પાઠવવાની થાય તેમજ નવા આયોજન હેઠળના તૃતિય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૨૧ માં સદર સુધારો આમેજ કરવાનો થાય છે.

ઉક્ત વિગતો ધ્યાને લઈ; મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૫ (ટેકનોલોજી પાર્ક) ની દરખાસ્ત મુજબના અંતિમખંડ નં. ૨ થી ૫૦ ની પૂર્વ તરફેના લાગુ ૧૮.૦૦ મી. પહોળાઈના ડી.પી. રસ્તાની એલાઈનમેન્ટમાં આંશિક ફેરફાર કરી તેને લાગુ ૬.૦૦ મી. નો કાંસ દર્શાવવા અન્વયે ડી.પી. રસ્તાની એલાઈનમેન્ટમાં ફેરફાર કરવા સંબંધે હાલે મંજુર રાખી દ્વિતીય પુનરાવર્તીત વિકાસ યોજના ૨૦૧૨ માં અધિનિયમની કલમ-૧૯ હેઠળ વેરીએશન કરવા તથા તે મુજબનો સુધારો કરવા નગર રચના અધિકારીશ્રી ધ્વારા તૈયાર થતી કામચલાઉ પુન: રચના યોજનામાં કરવા સંબંધે નગર રચના અધિકારીશ્રીને જણાવવા અન્વયેનો મુદ્દો બોર્ડના સર્વ સભ્યો સમક્ષ ચર્ચા વિચારણા સારૂ રજુઆત છે.

**ઠરાવ ક્રમાંક (૨૭૭૦)** : ઉક્ત મુદ્દા બાબતે બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ વિગતવાર ચર્ચા વિચારણાના અંતે મોજે. હનુમાનપુરાના બ્લોક નં. ૭૧/પૈકી, ૭૦, ૬૫/પૈકી, ૫૪, ૫૬/પૈકી, ૫૫/પૈકી, ૩૯/પૈકી, ૪૦, ૪૧, તથા મોજે. અણખોલના બ્લોક નં. ૧૮૦/પૈકી, ૧૮૫/૨/પૈકી, ૧૮૧/પૈકી, ૧૮૫/૩/પૈકી, ૧૮૪/અ/પૈકી માંથી પસાર થતી કાંસને રી-એલાઈન કરી મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૫ (ટેકનોલોજી પાર્ક) ના પૂર્વ તરફે આવેલ ૧૮.૦૦ મી. પહોળાઈના ડી.પી. રસ્તાની એલાઈનમેન્ટમાં આંશિક ફેર કરી; પૂર્વ તરફે ૬.૦૦ મી. પહોળાઈનો કાંસ દર્શાવી ત્યારબાદ ૧૮.૦૦ મી. પહોળાઈનો રસ્તો સુચિત કરવા સંબંધે સદરહું ડી.પી. રસ્તાની એલાઈનમેન્ટમાં ફેરફાર કરવા; ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૯ હેઠળ ઝોનફેર કરવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવા તથા તે મુજબનો સુધારો મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજનામાં આમેજ કરવા નગર રચના અધિકારીશ્રી દ્વારા તૈયાર થતી કામચલાઉ પુન:રચના યોજનામાં આમેજ કરવા અંગેની આગળની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૧૧) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાનં.૨૬/ડી (રતનપુર) નો ઇરાદો જાહરે કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે રતનપુર ગામના વિસ્તારમાં મુસદ્દારૂપ નગર નગર રચના યોજના બનાવવા અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૧૯૭૬ ની ૪૧(૧) હેઠળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોજે રતનપુરમાં રહેણાંક ઝોનમાં આવતી જમીનોમાં સૂચિત રસ્તાઓ પૈકી મુખ્ય ૭૫મી. રસ્તાઓ મળે તે હેતુસર તેમજ ઝડપી વિકાસ થઈ રહેલ હોઇ, વુડાની તા.૧૬/૦3/૨૦૨૧ ના રોજ યોજાયેલ ૨૪૭ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૭૪૫ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧)હદ પરામર્શ મેળવવા ઠરાવતા અત્રેથી તા. ૨૫/૦૮/૨૦૨૧ ના પત્રનં. યુડીએ/પ્લાન-૨/૧૧૪/૨૦૨૧ થી મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી,ગાંધીનગરને દરખાસ્ત પાઠવેલ. જે સંદર્ભે મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરથી તા.૨૯/૧૧/૨૦૨૧ ના પત્ર નં. ન.ર.યો.નં.૨૬/ડી (રતનપુર)/વુડા/દ.ગુ./૪૧૯૮ થી વિવિધ શરતોને આધીન મુસદ્દારૂપ નગરરચના યોજના નં.૨૬/ડી (રતનપુર) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને પરામર્શ આપવામાં આવેલ છે. હવે સદરહું હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુસદ્દારૂપ નગરરચના યોજના તૈયાર કરવા અંગે ઈરાદો જાહેર કરવા અંગે વિસ્તૃત ચર્ચ વિચારણના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૭૭૧)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬/ડી (રતનપુર) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ પાઠવેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું તથા સદરહું યોજનમાં વરસાદી પાણી તથા હયાત જળપ્રવાહના નિકાલ માટે જરૂરી ભૌગોલિક પરિસ્થિતીની ચકાસણી અર્થે ડ્રોનસર્વે/કન્ટુરસર્વે કરીને તે વિગતો પણ યોજનાના આયોજનમાં આમેજ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૧૨) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાનં.૨૯/બી (આમલીયારા) નો ઇરાદો જાહેર કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે આમલીયારા ગામના વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવા અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૧૯૭૬ ની ૪૧(૧) હેઠળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોજે આમલીયારામાં રહેણાંક ઝોનમાં આવતી જમીનોમાં સૂચિત રસ્તાઓ પૈકી મુખ્ય ૭૫મી. રસ્તો મળે તે હેતુસર તેમજ ઝડપી વિકાસ થઈ રહેલ હોઇ, વુડાની તા.૧૬/03/૨૦૨૧ ના રોજ યોજાયેલ ૨૪૭ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૭૪૭ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧)હદ પરામર્શ મેળવવા ઠરાવતા અત્રેથી તા. ૨૫/૦૮/૨૦૨૧ ના પત્રનં.યુડીએ/પ્લાન-૨/૧૧૩/૨૦૨૧ થી મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, ગાંધીનગરને દરખાસ્ત પાઠવેલ. જે સંદર્ભે મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરથી તા. ૦૮/૧૦/૨૦૨૧નાપત્ર નં. ન.ર.યો.નં.૨૯/બી (આમલીયારા)/વુડા/દ.ગુ./૩૭૪૧ થી વિવિધ શરતોને આધીન મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯/બી (આમલીયારા) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને પરામર્શ આપવામાં આવેલ છે. હવે સદરહું હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવા અંગે ઈરાદો જાહેર કરવા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૭૭૨)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/બી (આમલીયારા) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ પાઠવેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું તથા સદરહું યોજનમાં વરસાદી પાણી તથા હયાત જળપ્રવાહના નિકાલ માટે જરૂરી ભૌગોલિક પરિસ્થિતીની ચકાસણી અર્થે ડ્રોનસર્વે/કન્ટુરસર્વે કરીને તે વિગતો પણ યોજનાના આયોજનમાં આમેજ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નં (૧૩) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૦૧ (આમોદર)નો ઇરાદો જાહેર કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે આમોદર ગામના વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવા અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૪૧(૧) હેઠળ,વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોજે આમોદરમાં મંજુર દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનામાં રહેણાંક ઝોનમાં આવતી જમીનોમાં સૂચિત રસ્તાઓ પૈકી મુખ્ય ૯૦મીટર તથા ७૫મીટર રસ્તાઓ મળે તે હેતુસર તેમજ ઝડપી વિકાસ થઈ રહેલ હોઈ, વુડાની તા.૧૬/૦૩/૨૦૨૧ના રોજ યોજાયેલ ૨૪૭ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૭૪૬ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ હદ પરામર્શ મેળવવા ઠરાવતા અત્રેથી તા. ૦૯/૦૬/૨૦૨૧ ના પત્ર નં. યુડીએ/પ્લાન-૨/૯૬/૨૦૨૧ થી મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી,ગાંધીનગરને દરખાસ્ત પાઠવેલ. જે સંદર્ભે મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરથી તા. ૦૮/૧૦/૨૦૨૧નાપત્ર નં. ન.ર.યો.નં.૧ (આમોદર)/વુડા/દ.ગુ./૩૭૪૨ થી વિવિધ શરતોને આધીન મુસદ્દારૂપ નગરરચના યોજના નં. ૦૧ (આમોદર) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને પરામર્શ આપવામાં આવેલ છે. હવે સદરહું હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવા અંગે ઈરાદો જાહેર કરવા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૭૭૩)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૦૧ (આમોદર) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ પાઠવેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું તથા સદરહું યોજનમાં વરસાદી પાણી તથા હયાત જળપ્રવાહના નિકાલ માટે જરૂરી ભૌગોલિક પરિસ્થિતીની ચકાસણી અર્થે ડ્રોનસર્વે/કન્ટુરસર્વે કરીને તે વિગતો પણ યોજનાના આયોજનમાં આમેજ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**અધ્યક્ષ સ્થાનેથી**

**મુદ્દા નં.( ૧ ):** વુડા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ભાયલી ટી.પી.સ્કીમ નં. ૨, ૩ અને ૪ ના એફ.પી. ૧૦૦, ૧૦૧, ૧૧૨, ૧૧૪ અને ૧૮૦ ખાતે EWS-II ના આવાસોના ડ્રેનેજ વિકાસ ફાળમાં ભરવામાં આવેલ લગતોને બહાલી આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ભાયલી ટી.પી.સ્કીમ નં.૨,૩ અને ૪ ના એફ.પી. ૧૦૦, ૧૦૧, ૧૧૨, ૧૧૪ અને ૧૮૦ ખાતે EWS-II ના આવાસો તથા દુકાનો બનાવવા માટે એજન્સીને વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. આ વિસ્તાર તા. ૧૮/૦૬/૨૦૨૦ થી સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરિપત્રથી કોર્પોરેશનમાં સમાવિષ્ટ થયેલ છે. જેથી અત્રે દ્વારા બનાવવામાં આવતી ઉકત આવાસ યોજનાઓમાં ડ્રેનેજ જોડાણની કામગીરી વી.એમ.સી. ની મંજુરી લઈ કરવાની થાય છે. એજન્સી દ્વારા ડ્રેનેજ જોડાણની કામગીરી માટે વી.એમ.સી. ની પશ્ચિમ ઝોન ઓફિસમાં મંજુરી માંગતા ડ્રેનેજ વિકાસ ફાળા સહિતની રકમ ભરવા ચલન આપવામાં આવેલ હતુ. પરંતુ વુડા દ્વારા પણ સદર આવાસ યોજનાઓ કેન્દ્ર સરકારશ્રીની પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સ્થાનિક સંસ્થાની જમીન પર નહી નફો નહી નુકશાનને ધોરણે થતી હોઈ તથા આ વિસ્તારમાં ડ્રેનેજ લાઈનો તથા STP માટે વુડા દ્વારા ખર્ચ પણ કરેલ હોવાથી અને સરકારશ્રીની નીતી મુજબ બાંધકામ માટેના મ્યુનિસિપલ ટેકસીસમાંથી મુક્તિ મળવાપાત્ર હોવાથી વડોદરા મહાનગરપાલિકા વિસ્તારમાં ભાયલી, સેવાસી તથા બીલમાં આયોજીત તમામ પ્રધાનમંત્રી આવાસ યોજનાઓમાં ડ્રેનેજ વિકાસ ફાળામાંથી મુક્તિ મેળવવા માટે વુડા દ્વારા તા. ૦૧/૦૯/૨૦૨૧ ના રોજ વડોદરા મહાનગરપાલિકામાં પત્ર પાઠવેલ હતો. પરંતુ વી.એમ.સી. તરફથી આ અંગે કોઈ પ્રત્યુતર ન મળતા આવાસ યોજના પૂરી કરવામાં વિલંબ ન થાય તે ધ્યાને લઈ વી.એમ.સી. દ્વારા ડ્રેનેજ વિકાસ ફાળા પેટે ભરવા જણાવેલ રકમ ભરપાઈ કરવા વુડા બોર્ડની મંજુરીની અપેક્ષાએ ભરવા નક્કી થયા મુજબ ડ્રેનેજ વિકાસ ફાળા પેટે વી.એમ.સી. દ્વારા ઈસ્યુ કરેલ ચલન મુજબ એફ.પી. ૧૦૦ માટે રૂ. ૧૯,૯૬,૩૦૦/-, એફ.પી. ૧૦૧ માટે રૂ. ૧૬,૯૫,૦૦૦/-, એફ.પી. ૧૧૨ માટે રૂ. ૨૧,૫૧,૧૦૦/-, એફ.પી. ૧૧૪ માટે રૂ.૨૬,૧૯,૭૦૦/- તથા એફ.પી.૧૮૦ માટે રૂ. ૧૮,૬૧,૦૦૦/-મળી કુલ **રૂ. ૧,૦૩,૨૩,૧૦૦/- (અંકે રૂપિયા એક કરોડ ત્રણ લાખ તેવીસ હજાર એકસો પુરા)** વી.એમ.સી. માં જમા કરાવેલ છે. જે ખર્ચને બહાલી આપવા તેમજ ભાયલી, સેવાસી, બીલ તથા વેમાલીમાં ચાલુ પ્રધાનમંત્રી આવાસ યોજનાઓમાં પણ ડ્રેનેજ ફાળાની રકમ ભરવાની થનાર હોઈ, બાકીની આવાસ યોજનાઓમાં પણ વી.એમ.સી. દ્વારા જણાવવામાં આવનાર ડ્રેનેજ વિકાસફાળાના ખર્ચને મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્શ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૭૭૪)** : વુડા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મોજે ભાયલી ખાતે બનાવવામાં આવેલ આવાસ યોજનામાં ડ્રેનેજ કનેકશન માટે વી.એમ.સી. માં ભરવામાં આવેલ ડ્રેનેજ વિકાસ ફાળાની રકમ રૂ. ૧,૦૩,૨૩,૧૦૦/- ના ખર્ચને મંજુરી આપવા તથા વી.એમ.સી. વિસ્તારની બાકીની પ્રધાનમંત્રી આવાસ યોજનાઓમાં ડ્રેનેજ કનેકશન માટે વી.એમ.સી. માં ભરવાના થનાર ડ્રેનેજ વિકાસફાળાના ખર્ચને મંજુરી આપવાની કાર્યવાહીને સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા આ અંગે કરવાની થતી આગળની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને આપવા ઠરાવવામાં આવ્યુ.

અંતમાં સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

| | |
|---|---|
| સહી/- | |
| સભ્ય-સચિવ | સહી/- |
| વ | અધ્યક્ષ |
| મુખ્ય કારોબારી અધિકારી | શહેરી વિકાસ સત્તામંડળ |
| શહેરી વિકાસ સત્તામંડળ | વડોદરા |
| વડોદરા | |